**અમદાવાદ(રૂરલ)ના મહે. ૭ મા એડી.જ્યુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં. ૭૭૭૨/૨૩**

**આંક:–**

**<u>–: ચુકાદો :–</u>**

આ કામે આરોપી સામે ધી જુગારધારા કલમ– ૧૨ (અ)મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્રારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે. આ કામે આરોપી ની જુગારધારા કલમ– ૧૨ (અ)મુજબની પ્લીનોંધવામાં આવેલ છે. જેમા તેઓએ ગુન્હાનો સ્વીકાર કરતુ નીવેદન આપેલ. વધુમાં આરોપી એ અલગથી કબુલાત પુરસીસ રજુ કરી ગુન્હાની કબુલાત કરેલ છે તથા આરોપી એ રોકડ રકમ અંગે નો–કલેઈમ પુરસીસ રજુ કરેલ છે.જે રેકર્ડ કરી સદર આરોપી ને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપી નાઓની ગુન્હાની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. તેનો આ પ્રથમ ગુન્હો હોવાનું તે જણાવે છે. હવેથી આવો ગુન્હો નહીં કરવાની તે ખાત્રી આપી પોતાની ભુલ સુધારતા માંગતા હોવાનું જણાવે છે. તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાનું જણાવે છે. આરોપી ઓ ની કબુલાત પુરસીસ તેની મૌખિક દલીલો ધ્યાને લીધી તથા નામ.ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વી.નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જીએલઆર પાના નં ૭૦૯ વાળા ચુકાદામા જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામા જણાવેલ ઓછામા ઓછી સજા કરતા પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સીધ્ધાંતને ધ્યાને રાખતા સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામા આવે અને તેને યોગ્ય દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જણવાય જેથી ફરીયાદના ગુન્હાની જોગવાઈ ધ્યાને લેતાં તેમજ આજ રોજ નેશનલ લોક અદાલતમા સ્પેશીયલ સીટીંગનું આયોજન કરેલ હોય તે ધ્યાને લેતાં સદર કેસમાં આરોપી નાઓને ઓછામાં ઓછો દંડ કરવો મને ન્યાયી અને ઉચિત જણાતુ હોય નીચે મુજબનો છેવટનો હુકમ ફરમાવુ છું.

**<u>–: હુકમ :–</u>**

આરોપી સચીનકુમાર સુરેશભાઈ જાતે ઠાકોર નાઓને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૨ મુજબ ધી જુગારધારા કલમ– ૧૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા. ૧૦૦/– (અંકે રૂપિયા સો પુરા) ના દંડની સજા ફરમાવવામાં આવે છે જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે .

મુદામાલ રોકડ રકમ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામા આવે છે જો મુદામાલ કોર્ટમા જમા ન હોય તો પો.સ્ટેમા સત્વરે યાદી કરી તે રકમ કોર્ટમા જમા કરાવવાનો હુકમ કરવામા આવે છે.બાકીનો બીનકીમતી મુદામાલ નાશ કરવાનો હુકમ કરવામા આવે છે જો આરોપીએ કોઈ કીમતી મુદામાલ વચગાળાના હુકમે છોડાવેલ હોય તો તે આખરી રાખવામા આવે છે.વધુમા અન્ય મુદામાલ માલીકીની ખરાઈ કરી જે તે માલીકને પરત સોંપવાનો હુકમ કરવામા આવે છે.

આજ તારીખ– ૨૨ –મી, માહે–જુન, સને– ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૨૨/૬/૨૦૨૪
સ્થળ : અમદાવાદ(ગ્રામ્ય)

(વિનોદકુમાર દિનુભાઈ પટેલ)
૭માએડી.ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટ
અમદાવાદ (ગ્રા) નવરંગપુરા
**CODE NO.GJ01148**